# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I )-૨૦૨૫પરીણામ જાહેરનામું"**

**"Teacher Eligibility Test-I (TET-I)-2025 Result Notification"**

જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-I /૨૦૨૫/1773-1847 તા:30/01/૨૦૨૬

The Right of children to free and Compulsory Education Act-2009 અને શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક, તા:૨૭-૦૪-૨૦૧૧ તથા તા:૧૪-૦૭-૨૦૧૧ અને તા:03-૦૫-૨૦૧૨ તથા તા:૧૮-૦૫-૨૦૧૨ ના સરખા ક્રમાંકના સુધારા ઠરાવ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારાથી જિલ્લા શિક્ષણ સમિતિ/ નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયકની નિમણૂંક માટેના ધારા-ધોરણો નિયત થયેલ છે.

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: પીઆરઇ- ૧૧૧૧-૭૧૧- ક,તા:૨૭-૪-૨૦૧૧ થી પ્રાથમિક શાળા(ધોરણ ૧ થી ૫)માં પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા આવશ્યક "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)" યોજવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૧૪/૧૦/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-I/૨૦૨૫/૧૨૦૨૮-૧૨૧૪૦ તથા તા.૦૮/૧૧/૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક: રાપબો/TET-I/૨૦૨૫/૧૨૯૭૮-૧૩૦૯૩ અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક શાળા(ધોરણ ૧ થી ૫)માં પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા:૨૧/૧૨/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:00 કલાકથી ૦૨:00 કલાક દરમ્યાન અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-1) -૨૦૨૫ નું આયોજન કરવામાં આવેલ હતું.

આ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ વિદ્યાર્થીઓની OMR કચેરીની વેબસાઈટ www.sebexam.org પર તા.30/૧૨/૨૦૨૫ થી તા.03/૦૧/૨૦૨૬ દરમ્યાન મુકવામાં આવેલ હતી. પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૨૪/૧૨/૨૦૨૫ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા.૨૪/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે કચેરીના ઈ-મેઈલ એડ્રેસ sebg.query@gmail.com પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પેપરના કોઈ પ્રશ્ન પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજૂઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકાસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઈનલ આન્સર કી તા.૧૭/૦૧/૨૦૨૬ ના રોજ કચેરીની વેબસાઈટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા.30/૦૧/૨૦૨૬ (શુક્રવાર) ના રોજ "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I )-૨૦૨૫નું પરીણામ જાહેર કરવામાં આવે છે.

## ❖ પરીણામની વિગતો:

**TET-I Medium Wise Report**

| Medium | Register | Absent | Present | Not Qualified | Qualified | Result (%) |
|---|---|---|---|---|---|---|
| Gujarati | 97917 | 9257 | 88659 | 77835 | 10825 | 12.21 % |
| English | 1372 | 271 | 1101 | 1003 | 98 | 8.90 % |
| Hindi | 2236 | 368 | 1868 | 1764 | 104 | 5.57 % |
| All Medium | 101525 | 9896 | 91628 | 80602 | 11027 | 12.03 % |

| Medium | Marks Range | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 to 39 | 40 to 59 | 60 to 81 | 82 to 89 | 90 to 100 | 101 to 120 | 121 to 140 | 141 to 150 |
| Gujarati | 2202 | 32900 | 41534 | 7204 | 4034 | 781 | 3 | 1 |
| English | 6 | 221 | 694 | 137 | 39 | 4 | 0 | 0 |
| Hindi | 49 | 705 | 908 | 119 | 68 | 19 | 0 | 0 |
| Total | 2257 | 33826 | 43136 | 7460 | 4141 | 804 | 3 | 1 |

## ❖ અગત્યની સૂચનાઓ:

- શિક્ષણ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૧ ઠરાવક્રમાંક: પીઆરઈ-૧૧૧૧-૭૧૧-ક તેમજ શિક્ષણ વિભાગના તા.૧૪/૧૨/૨૦૨૨ના સુધારા ઠરાવ:પીઆરઈ/૧૧૧૧/૭૧૧/ક મુજબ શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૫માં
  અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિકલાંગ અને આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections-EWS)ના ઉમેદવારોના કિસ્સામાં કુલ ૮૨ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે. અન્ય ઉમેદવારોના કિસ્સામાં કુલ ૯૦ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે.
- ઉમેદવારોને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટૂંક સમયમાં સ્પીડ પોસ્ટ/રજીસ્ટર એડી મારફતે સંબંધિત ઉમેદવારો દ્વારા ઓનલાઇન આવેદનપત્ર ભરતી વખતે દર્શાવેલ હાલના રહેઠાણના સરનામા પર મોકલી આપવામાં આવશે.
- ઉમેદવાર પોતાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:03/0૨/૨૦૨૬ થી તા:૧૦/0૨/૨૦૨૬ દરમ્યાન કચેરીના કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની પુન:ચકાસણી કરાવી શકશે. આ માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR

Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. (લેખિત અરજી માટેનો નમૂનો આ સાથે સામેલ છે.) આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂપિયા ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે તા:૧૦/૦૨/૨૦૨૬ બાદ OMR Sheet ની પુન:ચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

- પરીણામ બાબતે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

સ્થળ: ગાંધીનગર

તા.૩૦/૦૧/૨૦૨૬

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ સવિનય જાણ સારૂ:</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- DEO શ્રી, DPEO શ્રી તેમજ શાસનાધિકારી તમામ.